CODE OF ETHICS POLICY DOCUMENT

## ❖ શિસ્ત અંગેની અગત્યની સૂચનાઓ ❖

આ કોલેજના યુવાન વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ શિક્ષણ પરત્વે સભાન રહે અને સ્વસ્થ સમૂહજીવનના કર્તવ્યો સમજીને સ્વતંત્રપણે સ્વયંભૂ શિસ્તનું પાલન કરે તે માટે સંસ્થા ખૂબ આગ્રહી છે.

૧. પ્રાર્થનાથી કોલેજના કામકાજનો પ્રારંભ થાય છે. સમૂહ પ્રાથૃનામાં જોડાવવું દરેક વિદ્યાર્થી-વિદ્યાર્થીની માટે ફરજિયાત છે.

૨. કોલેજના દરેક વિદ્યાર્થીએ પોતાના ઓળખપત્ર સાથે જ આવવાનું રહેશે.

૩. વર્ગખંડમાં કે કોલેજ કેમ્પસમાં વિદ્યાર્થીઓએ શિસ્તપૂર્ણ વર્તન દાખવવાનું રહેશે. અધ્યાપકો અને બિનશૈક્ષણિક કર્મચારીઓ સાથે કોઈપણ પ્રકારના ગેરશિસ્તભરેલા વર્તન બદલ શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

૪. ટાઈમટેબલ મુજબ પોતાના વર્ગખંડમાં નિયમિત હાજર રહેવું, પોતાનો વર્ગ છોડીને સમય બગાડનારને અને લોબીમાં બિનજરૂરી અવર જવર કરનાર વિદ્યાર્થીઓને કોલેજમાં સંઘરવામાં આવતા નથી.

૫. દરેક સત્રમાં ૭૫ ટકા હાજરી આપવી જરૂરી છે. વિદ્યાર્થી સંઘની ચૂંટણી માટે પણ ૭૫ ટકા હાજરી અનિવાર્ય રહેશે.

૬. શૈક્ષણિક સંસ્થામાં તમાકુ, પાન બીડી કે ગુટકાનું સેવન કરવું, ચોરી કરવી એ ગુનો બને છે. કોલેજમાં આવો ગુનો આચરનારને પોલીસને સ્વાધીન કરવામાં આવશે.

૭. કોલેજની દિવાલ ઉપર કોઈપણ પ્રકારના લખાણ લખવાં કે સાહિત્ય ચોટાડવું નહીં. તેમજ કોલેજની માલમિલ્કતો (લાઈટ, પંખા, ડેસ્ક, કોમ્પ્યુટર, બ્લેકબોર્ડ)ને નુકશાન પહોંચાડનાર દંડને પાત્ર છે.

૮. વિદ્યાર્થીની બહેનોનું કોઈપણ પ્રકારનું અપમાન થાય કે તેમને અરક્ષિતતાનો કે આઘાતનો અનુભવથાય તેવું કોઈપણ પ્રકારનું વર્તન આ કોલેજમાં સાંખી લેવામાં આવતું નથી.

૯. કોલેજની પ્રતિષ્ઠા જોખમાય એવું કોલેજની અંદરનું કે બહારનું કોઈપણ પ્રકારનું વર્તન ચલાવી લેવાનું નથી.

૧૦. ગ્રંથાલય અભ્યાસ માટે છે. ગ્રંથાલયમાં સંપૂર્ણ શાંતિ જાળવવી. ગ્રંથાલયમાં બેસી અભ્યાસ સિવાયની પ્રવૃત્તિ, ઘોંઘાટ કરી અન્ય અભ્યાસુઓના અભ્યાસમાં ખલેલ પહોંચાડવામાં આવશે તો લાયબ્રેરી ટીકીટ પરત લઈ લેવામાં આવશે અને શિક્ષાત્મક પગલાં ભરાશે. પુસ્તકો કે મેગેઝીનોમાંથી પાના ફાડનારને કડક શિક્ષા કરવામાં આવશે.

## ❖ શિસ્ત અંગેની અગત્યની સૂચનાઓ ❖

૧૧. કોલેજ દ્વારા લેવામાં આવતી આંતરિક પરીક્ષાઓ આપવી ફરજીયાત છે. સામાન્ય રીતે પ્રથમ આંતરિક મૂલ્યાંકન કસોટી સપ્ટેમ્બર / ઓકટોબર તથા દ્વિતીય આંતરિક મૂલ્યાંકન કસોટી ફેબ્રુઆરીમાં લેવાશે.

૧૨. રેલ્વે અથવા બસ કન્સેશન પાસ, બોનાફાઈડ સર્ટીફીકેટ, માર્કશીટ્સ વગેરે મેળવવા માટે વિદ્યાર્થીએ જાતે જ પોતાના ઓળખપત્ર સાથે આવવું જરૂરી છે.

૧૩. પ્રયોગશાળા સાથે સંકળાયેલ તમામ વિદ્યાર્થીઓએ તેઓના પ્રાયોગિક જર્નલ સંતોષકારક રીતે પૂર્ણ કરી જે તે વિભાગના અધ્યક્ષ મારફત સર્ટીફાઈડ કરાવવા જરૂરી છે. જો જર્નલ સર્ટીફાઈડ નહીં થાય તો યુનિવર્સિટી નિયમ અનુસાર તેઓ યુનિવર્સિટી પરીક્ષા આપી શકશે નહીં.

૧૪. બહારના કોઈપણ મુલાકાતીએ કોઈપણ કામ માટે સીધો જ કાર્યાલયનો સંપર્ક સાધવાનો રહેશે.

*વિદ્યાર્થીઓને જણાવવાનું કે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીના ઓર્ડિનન્સ-૬૫એ ની જોગવાઈ અન્વયે કોઈપણ પ્રાધ્યાપક કોઈપણ વિદ્યાર્થીને સવેતન કે અવેતન ટયૂશન આપી શકશે નહી.*

કૉલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને રેગીંગ જેવી ઘટનાઓથી દૂર રહેવા સ્પષ્ટ જણાવાય છે. વધુમાં આવી ધૃણાસ્પદ ઘટનાઓ ન બને તે માટે "Anti Ragging Committee"ની રચના કરવામાં આવેલ છે.

*Ragging in any form is punishable*
*Don't 'RAG'*
*Also don't be a mute witness to 'Ragging'*

SHREE JAYENDRAPURI ARTS & SCIENCE COLLEGE BHARUCH.

I/C PRINCIPAL
SHREE JAYENDRAPURI ARTS &
SCIENCE COLLEGE, BHARUCH

Scanned by CamScanner
Scanned with OKEN Scanner